આજનું પંચાંગ

- ભૂપેન્દ્ર ધોળકિયા

સૂર્યોદયાદિ	સૂર્યોદય	નવકારશી	સૂર્યાસ્ત
અમદાવાદ :	૬-૧૮	૭-૦૬	૧૯-૦૮

દિવસનાં ચોઘડિયાં : ૧. શુભ, ૨. રોગ, ૩. ઉદ્વેગ, ૪. ચલ, ૫. લાભ, ૬. અમૃત, ૭. કાળ, ૮. શુભ.

રાત્રિનાં ચોઘડિયાં : ૧. અમૃત, ૨. ચલ, ૩. રોગ, ૪. કાળ, ૫. લાભ, ૬. ઉદ્વેગ, ૭. શુભ, ૮. અમૃત.

પારસી પતેતી-પારસી સન ૧૩૮૭-ફરવરદીન શરૂ, સિંહાદિ-કેરાલા, રાહુ-કર્કમાં, કેતુ-મકરમાં

વિક્રમ સંવત : ૨૦૭૩, શ્રાવણ વદ દસમ, ગુરુવાર, તા. ૧૭-૮-૨૦૧૭.
વીર (જૈન) સંવત : ૨૫૪૩.
શાલિવાહન શક : ૧૯૩૯.
યુગાબ્દ (કલિ) : ૫૧૧૯.
ભારતીય દિનાંક : ૨૬-શ્રાવણ.
પારસી માસ : ફરવરદીન.
રોજ : ૧-અહુરમજદ.
મુસ્લિમ માસ : જિલ્કાદ.
રોજ : ૨૪.
દૈનિક તિથિ : વદ દસમ ક. ૧૨-૪૩ સુધી.
ચંદ્ર નક્ષત્ર : મૃગશીર્ષ ક. ૨૨-૫૯ સુધી પછી આર્દ્રા.
ચંદ્ર રાશિ : વૃષભ ક. ૧૧-૫૫ સુધી પછી મિથુન.
જન્મ નામાક્ષર : વૃષભ (બ.વ.ઉ.), મિથુન (ક.છ.ઘ.).
કરણ : વિષ્ટિ/બવ/બાલવ.
યોગ : હર્ષણ ક. ૨૧-૩૬ સુધી પછી વજ્ર.

વિશેષ પર્વ : પારસી પતેતી. પારસી સન ૧૩૮૭. ફરવરદીન માસ શરૂ. પારસી નૂતન વર્ષ. * રાહુ વક્રી ગતિથી કર્ક રાશિમાં પ્રવેશ અને કેતુ મકર રાશિમાં પ્રવેશ ક. ૨૮-૨૮. * સિંહ સંક્રાંતિનો પુણ્યકાલ સવારે સૂર્યોદયથી મધ્યાહ્‌ન સુધી. * બૃહસ્પતિ પૂજન. * સિંહાદિ (કેરાલા). માનસપૂજા સમાપ્ત (બંગાલ). * વૈષ્ણવ : શ્રી રણછોડરાયજી (ડાકોર)નો પલના વિજય. શ્રી વ્રજનાથ લાલજી મહારાજ (જામ ખંભાળિયા)નો ઉત્સવ. * લંડન બી.એ.પી.એસ. મંદિરનો પાટોત્સવ. * કૃષિ જ્યોતિષ : શ્રવણ નક્ષત્રનો પ્રભાવ શ્રાવણ માસમાં રહે છે. અનુભવી ખેડૂતો-ગંજબજારના વેપારીઓ આ વાતને ધ્યાનમાં રાખે છે. જળાશયની કાળજી રાખવી. કપાસમાં સુધારા તરફી યોગ જણાય.
રાહુકાળ : દિવસે ક. ૧૩-૩૦ થી ૧૫-૦૦

શબ્દ સંદેશ 3508

૧ શિ	રો	૨ વે	૩ દ	ના	■	૪		૫	૬
	■	૭		■	૮		■	૯	
૧૦	૧૧		■	૧૨			૧૩	■	
■		■	૧૪			■	૧૫	૧૬	
૧૭		■	૧૮		■	૧૯	■		■
	■	૨૦		■	૨૧		■	૨૨	૨૩
૨૪	૨૫		■	૨૬			■	■	
■		■	૨૭		■	■	૨૮	૨૯	
૩૦		■	૩૧		૩૨	૩૩	■		■
૩૪				■	૩૫		■	૩૬	

અહીં આપેલી આડી અને ઊભી ચાવીઓ દ્વારા બાજુમાં આપેલ ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

આડી ચાવી :
(૧) માથાનો દુખાવો (૫)
(૪) અતિથિ, મુસાફર (૪)
(૭) ચામડી, ચામડું (૨)
(૮) ક્ષમા કરેલું (૨)
(૯) રાતા રંગનું (૨)
(૧૦) ક્રીડા, કાંત, પતિ (૩)
(૧૨) વધારે ખરાબ (૪)
(૧૪) થોડું (૩)
(૧૫) યદુનો વંશ જ (૩)
(૧૭) કેશ (૨)
(૧૮) ગાંઠ, ગૂમડું (૨)
(૨૦) કફ, પિત્ત અને .... (૨)
(૨૧) પૃથ્વી (૨)
(૨૨) એક દિવસની મજૂરી (૨)
(૨૪) ખેપિયો (૩)
(૨૬) નાળચાવાળો લોટો (૩)
(૨૭) લાભ, નફો, સાર (૨)
(૨૮) નાનું છોકરું (૩)
(૩૦) એરું, સર્પ (૨)
(૩૧) ઉદાસ, ખિન્ન (૪)
(૩૪) ફજેતો, બગાડો (૪)
(૩૫) પક્ષ, ફાટ (૨)
(૩૬) એક કઠોળ (૨)

ઊભી ચાવી
(૧) ભક્ષ, મૃગયા (૩)
(૨) વેચાવું તે (૩)
(૩) જીવ, શ્વાસ (૨)
(૪) આપદા, આપત્તિ (૩)
(૫) ત્રાજવું, તુલના (૨)
(૬) મધુર, ધ્વનિ (૪)
(૮) મા, માતા (૩)
(૧૧) નરમ, મોળું (૩)
(૧૨) વિકાર, સડો (૩)
(૧૩) પરવાનગી, છૂટી (૨)
(૧૪) લગતું, નજીકનું (૩)
(૧૬) ધર્મશાળા (૩)
(૧૭) અફવા, વાત (૩)
(૧૯) અટકાયત, ઘેરવું તે (૩)
(૨૦) ચર્ચા, તકરાર (૨)
(૨૧) માથા વિનાનું શરીર (૨)
(૨૩) તાત, પિતા (૩)
(૨૫) સમાપ્તિ (૪)
(૨૬) સોગન, સોગંદ (૩)
(૨૭) જાડો પ્રવાહી પદાર્થ (૩)
(૨૯) રમણીય, સુંદર (૩)
(૩૦) તદ્દન, બિલકુલ (૨)
(૩૨) ગાયન (૨)
(૩૩) વિઘ્ન, હરકત (૨)

- ઠાકોરલાલ એમ. શાહ

શબ્દ સંદેશનો ઉકેલ : આડી ચાવી : (૧) શિરોવેદના (૪) આગંતુક (૭) ચામ (૮) માફ (૯) લાલ (૧૦) રમણ (૧૨) બદતર (૧૪) લગાર (૧૫) જાદવ (૧૭) વાળ (૧૮) ગડ (૨૦) વાત (૨૧) ધરા (૨૨) રોજ (૨૪) કાસદ (૨૬) કડવો (૨૭) રસ (૨૮) બાલક (૩૦) સાપ (૩૧) ગમગીન (૩૪) વનરડો (૩૫) તડ (૩૬) મઠ **ઊભી ચાવી :** (૧) શિકાર (૨) વેચાણ (૩) દમ (૪) આફત (૫) તુલા (૬) કલરવ (૮) માદર (૧૧) મવાળ (૧૨) બગાડ (૧૩) રજા (૧૪) લગત (૧૬) દવારો (૧૭) વાયકા (૧૯) ઘેરાવો (૨૦) વાદ (૨૧) ધડ (૨૩) જનક (૨૫) સમાપન (૨૬) કસમ (૨૭) રગડો (૨૯) લલામ (૩૦) સાવ (૩૨) ગીત (૩૩) નડ

સુડોકુ 2945

	૮	૩	૯		૨	૭	૬	
૭		૫					૪	
૯				૬				
	૧	૮		૫	૯			૬
			૩		૬			
૨			૮	૭		૩	૧	
				૨				૭
	૭					૬		૪
	૨	૪	૬		૭	૮	૩	

સુડોકુ 2944 નો ઉકેલ

૯	૬	૧	૭	૮	૫	૩	૨	૪
૩	૨	૪	૯	૬	૧	૭	૮	૫
૭	૮	૫	૩	૨	૪	૯	૬	૧
૧	૯	૬	૫	૪	૭	૮	૩	૨
૮	૭	૩	૧	૯	૨	૫	૪	૬
૫	૪	૨	૬	૩	૮	૧	૯	૭
૨	૧	૯	૮	૫	૬	૪	૭	૩
૬	૩	૭	૪	૧	૯	૨	૫	૮
૪	૫	૮	૨	૭	૩	૬	૧	૯

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!

પીએચ.ડીની પ્રવેશ પરીક્ષાના વિવાદે વિદ્યાર્થી સંગઠનો આમને- સામને

એક વિદ્યાર્થી નેતા માટે યુનિ.એ ૨,૫૦૦ વિદ્યાર્થીઓનું ભાવી જોખમમાં મૂકી દીધું

■ એક વિદ્યાર્થીને ૫૫ ટકા માર્ક્સ ન હોવા છતાં પરીક્ષા માટે લાયક ઠેરવ્યાનો વિવાદ

અમદાવાદ, તા.૧૬

ગુજરાત યુનિવર્સિટીએ એમફિલ અને પીએચ.ડીની પ્રવેશ પરીક્ષા એક વિદ્યાર્થીના મેરિટને લઈ વિવાદ થતા મૂલતવી રાખી હતી. જોકે હવે આ વિવાદને લઈ બંને વિદ્યાર્થી સંગઠનો આમને સામને આવી ગયા છે અને આગામી દિવસોમાં આ વિવાદ ઘણો ઉગ્ર બને તેવી શક્યતાઓ સર્જાઈ રહી છે. ABVPના એક વિદ્યાર્થીના માર્કસના મામલે વિવાદ સામે આવ્યો છે જેથી યુનિવર્સિટી સત્તાધીશો જો આ વિદ્યાર્થીને પરીક્ષા આપવાને પાત્ર ગણશે તો એનએસયુઆઈ સંગઠન દ્વારા યુનિ. સત્તાધીશો સામે ઉગ્ર આદોલન કરશે અને જો વિવાદિત વિદ્યાર્થીને પરીક્ષા આપવા નહીં મળે તો ABVP સંગઠન ઉગ્ર વિરોધ નોંધાવવાની વિચારણા કરી રહ્યું છે. જેના પરથી શિક્ષણ જગતના નિષ્ણાંતો જણાવી રહ્યાં છે કે, બંને સંગઠનોના વિવાદ અને સત્તાધીશોની પોલંપોલના કારણે અન્ય વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે.

એમફિલ-પીએચ.ડીમાં એડમિશન મેળવવા માટે યુજીસીએ નેટ કે સ્લેટ પાસ કરી હોય તેમજ અનુસ્નાતક કક્ષાએ ગ્રેસિંગ વગર ૫૫ ટકાનો નિયમ બનાવ્યો છે. પરંતુ ગુજરાત યુનિવર્સિટીએ એબીવીપીના પૂર્વ મંત્રીના અનુસ્નાતક કક્ષાએ ૫૫ ટકા પુરાં નહીં થતાં હોવા છતાં તેને પ્રવેશ પરીક્ષા આપવા માટે લાયક ગણ્યો હતો. જેની જાણ થતાં એનએસયુઆઈએ વિરોધ નોંધાવ્યો હતો.

નિયમો સ્પષ્ટ હોવા છતાં યુનિવર્સિટીએ ભૂલ સ્વીકારવાના બદલે આખી પ્રવેશ પરીક્ષા મૂલતવી કરી નાખી હતી. ૧૨મીએ લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ તૈયારી કરી લીધી હતી. માનસિક રીતે પરીક્ષા આપવા સજ્જ હતા ત્યાં આગલા દિવસે કોઈપણ જાતના મજબૂત કારણ વગર યુનિવર્સિટીએ પરીક્ષા રદ કરતા અંદાજે ૨,૫૦૦ વિદ્યાર્થીઓને નાહકની હેરાનગતિ ભોગવવી પડી છે.

આજની રાશિ

- મહેશ રાવલ

મેષ	અ.લ.ઈ.	આપની મનોકામના પૂર્ણ કરવાના સંજોગ સર્જાય. કૌટુંબિક સહયોગ. તબિયત સુધરતી જણાય.
વૃષભ	બ.વ.ઉ.	આપના ગૂંચવાયેલા કામો કે પ્રશ્નોને હલ કરવાનો ઉપાય સાંપડે. ગૃહજીવનમાં સંવાદિતા. પ્રવાસ.
મિથુન	ક.છ.ઘ.	આપની સામાજિક અથવા વ્યવસાયિક ક્ષેત્રે જણાતી મુશ્કેલીઓ હળવી થતી લાગે. પ્રયત્નો ફળે.
કર્ક	ડ.હ.	આશાવાદી બનશો તો જરૂર રાહત અનુભવાય. કુટુંબના પ્રશ્નો હલ થાય. સાનુકૂળતા સર્જાય.
સિંહ	મ.ટ.	આપની કોઈપણ સમસ્યાનો આપ વડીલ-મિત્રની મદદથી કે માર્ગદર્શનથી હલ મેળવી શકશો.
કન્યા	પ.ઠ.ણ.	મહત્ત્વની કામગીરી અંગે સંજોગો સાથ આપતાં જણાય. લાભની તક. મિલન-મુલાકાત ફળે.
તુલા	ર.ત.	પરિસ્થિતિને પલટવા કરતાં જાતે પલટવાથી સરળતા અને સફળતા વહેલી આવી મળે.
વૃશ્ચિક	ન.ય.	વધુ પડતો આત્મવિશ્વાસ અને સ્વાભિમાન નડતરરૂપ ન બને તે જોજો. નાણાભીડનો અનુભવ.
ધન	ભ.ફ.ઢ.ધ.	આપના વ્યક્તિત્વમાં ઓર નિખાર લાવી શકશો. તબિયતની ચિંતા દૂર થાય. મતભેદ નિવારી લેવા.
મકર	ખ.જ.	આર્થિક સમસ્યાના ઉકેલ માટે સ્વજન-મિત્રની મદદ ઉપયોગી બને. પ્રવાસ મજાનો.
કુંભ	ગ.શ.સ.	સામાજિક સેવા અને અન્ય પ્રવૃત્તિઓની વ્યસ્તતા વધે. નાણાકીય સ્થિતિ સાચવવી.
મીન	દ.ચ.ઝ.થ.	નોકરી કે ધંધાના ક્ષેત્રે તમે કોઈ અગત્યની તક મળે તો ગુમાવશો નહીં. મહેનત રંગ લાવતી લાગે.

ન્યૂઝ ફોકસ

વિવો મોબાઈલ ગુજરાત દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું

VIVO Camera & Music

ભારતનાં ૭૦મા સ્વતંત્રતા દિવસની અનોખી રીતે ઉજવણી કરતાં વિવો મોબાઈલ ગુજરાત દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, નવસારી અને મહેસાણામાં સવારે ૭થી ૧૦ વાગ્યા દરમિયાન યોજાયેલા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પમાં વિવોના કર્મચારીઓની સાથે સાથે તેમના મિત્રો અને પરિવારજનોએ પણ ઉત્સાહભેર ભાગ લઈને જરૂરિયાતમંદ વ્યક્તિનું જીવન બચાવવા માટે ઉમદા યોગદાન આપ્યું હતું. આ શિબિરના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય લોહીની જરૂરિયાત ધરાવતા દર્દીઓ માટે રક્તના શક્ય તેટલાં વધુ યુનિટ એકત્ર કરવાની સાથે સાથે અન્ય લોકોને પણ રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાનો તથા રક્તદાનથી થતાં શારીરિક લાભો અંગે સમજ આપવાનો હતો. ઉલ્લેખનીય છે કે, ઘણીવાર લોહીની અછતને કારણે દર્દી મોતને ભેટે છે તેવા સંજોગોમાં વધુ લોકોમાં રક્તદાન કરવા અંગે જાગ્રતિ ફેલાવવાથી આ સમસ્યાનો ઉકેલ લાવવામાં મદદ મળી રહેશે. વિવો મોબાઈલ ગુજરાત દ્વારા કરાયેલી આ પહેલ આ દિશામાં ચોક્કસપણે મહત્ત્વપૂર્ણ પગલું બની રહેશે.

એક દેશ- એક ટેરિફ : હવે ખર્ચાળ આઉટ ગોઈંગ રોમિંગ કોલ્સથી આઝાદી

બે વર્ષ પહેલાં બીએસએનએલ દેશનું એવું પ્રથમ નેટવર્ક બની ગયું હતું કે જેણે રોમિંગમાં આવતા બધા કોલ્સ સંપૂર્ણપણે મફત કરી દીધા હતાં. આ દિશામાં વધુ એક આગળ પગલું ભરતાં બીએસએનએલએ આજે ૧૫ ઓગસ્ટથી ગ્રાહકોને રોમિંગ દરમિયાન આઉટ ગોઈંગ કોલ પર લાગતો વધારાનો ખર્ચ હટાવી લીધો છે. હવે જે ગ્રાહકો જેમણે કોઈ પણ વોઈસ કે ડેટા કોમ્બો પેક કરાવેલ છે અને તેઓ ગુજરાત બહાર જાય તો તેમણે સબસ્ક્રાઈબ કરાવેલ પેકની સુવિધા ત્યાં પણ મળશે જેનાથી રોમિંગ દરમિયાન ગ્રાહક નિશ્ચિત રહીને આઉટ ગોઈંગ કોલ કરી શકશે. આના સિવાય એવા ગ્રાહકો કે જેઓ લાંબા સમય સુધી ગુજરાતની બહાર બીજા રાજ્યમાં જાય અથવા રહેવા જાય છે તેવા ગ્રાહકોને આ સુવિધાને લીધે તેમના ગુજરાતના મોબાઈલ નંબરને પોર્ટ આઉટ કર્યા વગર તે રાજ્યમાં વાપરી શકશે.



જીએસટીમાં સ્થાનાંતરિત થનાર કરદાતા ધ્યાન આપો

જીએસટીઆર-૩બી રિટર્ન ફાઈલ કરવા માટે, નોંધણી અરજી કરવી આવશ્યક છે.

જીએસટીઆર-૩બી રિટર્નને ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૨૦ ઓગસ્ટ, ૨૦૧૭ છે.

હમણાં જ ફાઈલ કરો

વર્તમાન કાયદા (હવે જીએસટીમાં સમાહિત કરોથી સંબંધિત) હેઠળ રજીસ્ટર્ડ બધા કરદાતા જેમણે કોમન પોર્ટલ પર નોંધણી પ્રક્રિયા પૂરી નથી કરી, તેમણે એને તરત જ પૂરી કરવી પડશે, નહીંતર જીએસટી વ્યવસ્થા હેઠળ જુદા-જુદા લાભો એમને નહીં મળે.

નોંધણી અરજી કરવા માટે સ્ટેપ બાય સ્ટેપ માર્ગદર્શન

ચરણ-૧	www.gst.gov.in પર જાવ.
ચરણ-૨	પોતાના યુઝર આઈડી પર આપના દ્વારા નિર્મિત પાસવર્ડની સાથે લોગઈન કરો અને પોતાના વેપાર માહિતી, પ્રમોટર/પાર્ટનર, વેપારના મુખ્ય અને વધારાના સ્થળ, અધિકૃત સહી કરનાર, સપ્લાય કરાનાર પાંચ મુખ્ય માલ અથવા સેવાઓ અથવા બંને અને બેંક ખાતા માહિતી સંબંધિત સૂચનાઓ પૂરી કરો.
ચરણ-૩	ચકાસણી ટેબમાં આપેલી જાણકારીને સંપૂર્ણ રીતે ચકાસો અને ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર (ડીએસસી) અથવા ઈલેક્ટ્રોનિક ચકાસણી કોડ (ઈવીસી)ની સાથે અરજી જમા કરો.
ચરણ-૪	નોંધણી અરજીને સફળતાપૂર્વક રજૂ કરવાથી તમને એક અરજી સંદર્ભ સંખ્યા (એઆરએન) (ઈ-મેલના માધ્યમથી પણ) મળશે.

નોંધણી રદ કરવા માટે જો તમે જીએસટીમાં રજિસ્ટર્ડ નથી રહેવા માંગતા તો લોગઈન પછી રદ કરવાની વિનંતી પર ક્લિક કરીને તમારું રજિસ્ટ્રેશન રદ કરવા માટે અરજી કરો.

નોંધણી અરજી જમા ન કરાવવાના નુકસાન :

- તમને કરદાતા તરીકે માનવામાં નહીં આવે.
- તમે ફોર્મ જીએસટીઆર-૩બી અને અન્ય રિટર્ન ફાઈલ નહીં કરી શકો.
- તમે ઈનપુટ ટેક્સ ક્રેડિટ ન તો લઈ શકશો અને ન તો આગળ મંજૂર કરાવી શકશો.
- તમે કર ચુકવણી નહીં કરી શકો.
- તમે પ્રી-જીએસટી ટ્રાંજિશનલ ક્રેડિટ મેળવવા લાયક નહીં ગણાય.

કૃપા કરી જુલાઈ ૨૦૧૭ માસનું તમારું જીએસટીઆર-૩બી રિટર્ન વહેલામાં વહેલી તકે ફાઈલ કરો.
માલ અને સેવા કર - સારો છે સરળ છે

કેન્દ્રીય ઉત્પાદ અને સીમા શુલ્ક બોર્ડ અને
રાજ્યો/સંઘ રાજ્ય ક્ષેત્રોનો વાણિજ્યિક કર વિભાગ
www.cbec.gov.in, www.cbec-gst.gov.in

davp 15502/13/0180/1718

adani અદાણી પાવર લિમિટેડ

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સમક્ષ અમદાવાદ ખાતેની બેન્ચ

સીએ (સીએએ) નં. ૮૪/એનસીએલટી/એએચએમ/૨૦૧૭

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં
અને
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦ -૨૩૨ને અન્ય સંબંધિત જોગવાઈઓની બાબતમાં
અને
અદાણી પાવર લિમિટેડની બાબતમાં
અને
અદાણી પાવર લિમિટેડ તથા અદાણી પાવર (મુંન્દ્રા) લિમિટેડ અને તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેનીસ્કીમ ઓફ અરેન્જમેન્ટની બાબતમાં

અદાણી પાવર લિમિટેડ,
કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ: "શીખર", અદાણી હાઉસ પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત ખાતે આવેલી છે.

... અરજદાર કંપની

અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત) મીટિંગ્સ બોલાવવા માટેની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે, ૭મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલની (એનસીએલટી) અમદાવાદ ખાતેની બેન્ચે એવો નિર્દેશ આપ્યો છે કે, અરજદાર કંપનીના ઈકવિટી શેરહોલ્ડર્સ; સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત)ની અલગ અલગ મીટિંગ્સ બોલાવવામાં આવે. એ બેઠકોનો હેતુ અદાણી પાવર લિમિટેડ તથા અદાણી પાવર (મુંન્દ્રા) લિમિટેડ અને તેના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની સ્કીમ ઓફ એરેન્જમેન્ટમાં ("સ્કીમ") સમાવિષ્ટ વ્યવસ્થા વિષે વિચારણા કરવાનો, અને યોગ્ય લાગે તો, તેમાં સુધારાવધારા સાથે અથવા તે વિના તેને મંજૂરી આપવાનો છે.

આ આદેશ અન્વયે તેમજ તેમાં કરાયેલા નિર્દેશો અનુસાર વધુમાં એવી નોટીસ પણ આપવામાં આવે છે કે, અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત)ની અલગ અલગ મીટિંગ્સ નીચે દર્શાવ્યા મુજબની વિગતો અનુસાર યોજાશે અને તેમાં ઉક્ત ઈક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત)ને હાજરી આપવા વિનંતી છે.

ક્રમ. નં.	મીટિંગનો વર્ગ	મીટિંગની તારીખ	સમય (ભારતીય)	મીટિંગનું સ્થળ
૧.	ઈક્વિટી શેરહોલ્ડર્સ	બુધવાર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭	સવારે ૧૦.૦૦	જે. બી. ઓડિટોરીઅમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, અટિરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ગુજરાત, ભારત
૨.	સીક્યોર્ડ લેણદારો		સવારે ૧૧.૦૦	
૩.	અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત)		બપોરે ૧૨.૦૦	

સ્કીમ તથા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦ (૩), ૨૩૨ (૧) અને (૨) તથા ૧૦૨ને કંપનીઝ (કોમ્પ્રોમાઈઝીસ, એરેન્જમેન્ટ્સ એન્ડ એમાલગેમેશન્સ) રૂલ્સ, ૨૦૧૬ના નિયમ ૬ સાથે વંચાણે લીધા અન્વયેનું વિવરણાત્મક નિવેદન તેમજ ઉક્ત વિવરણાત્મક નિવેદનના પરિશિષ્ટોની નકલો વિના મૂલ્યે અરજદાર કંપનીની ઓફિસ: "શીખર", અદાણી હાઉસ પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત ખાતે આવેલી રજીસ્ટર્ડ ઓફિસેથી અથવા તો તેના એડવોકેટ્સ, મે. સિંઘી એન્ડ કું, સિંઘી હાઉસ, ૧, મેગ્નેટ કોર્પોરેટ પાર્ક, સોલા બ્રિજ પાસે, એસ. જી. હાઈવે, અમદાવાદ – ૩૮૦ ૦૫૯, ગુજરાત, ભારત ખાતેથી મેળવી શકાશે. સ્કીમ, વિવરણાત્મક નિવેદન તથા પ્રોક્સી ફોર્મની નકલ અરજદાર કંપનીના શેરહોલ્ડર્સ / લેણદારો દ્વારા તેની માંગણી કરવામાં આવે તેના એક (૧) દિવસમાં (શનિવાર, રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) પુરા પાડવામાં આવશે. મીટિંગ્સમાં હાજરી આપવાનો અને વોટ આપવાનો અધિકાર ધરાવતી વ્યક્તિ પોતે રૂબરૂમાં અથવા તો પ્રોક્સી દ્વારા વોટ આપી શકે છે. પ્રોક્સી માટેની શરત એ છે કે તમામ પ્રોક્સીઝ નિયત ફોર્મમાં અરજદાર કંપનીની ઉપર દર્શાવેલી રજીસ્ટર્ડ ઓફિસ ખાતે ઉપર દર્શાવ્યા મુજબની મીટિંગ્સ શરૂ થવાના નિયત સમયના ૪૮ કલાક પહેલા જમા કરાવી દેવાના રહેશે. પ્રોક્સી માટેના ફોર્મ્સ અરજદાર કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતેથી મેળવી શકાશે.

એનસીએલટીએ શ્રી ન્યાયાધીશ કે. એ. પુજ, ગુજરાતના હાઇકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને તેમની ગેરહાજરીમાં શ્રી ન્યાયાધીશ કમલ મહેતા ગુજરાતના હાઇકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશને અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત)ની ઉપરોક્ત મીટિંગ્સ માટેના ચેરમેન નિયુક્ત કર્યા છે.

સ્કીમને ઉપર દર્શાવ્યા મુજબની મીટિંગમાં મંજૂરી મળશે તો, એ એનસીએલટીની ત્યારપછીની મંજુરીને આધિન રહેશે.

અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સને આથી વધુમાં નોટીસ આપવામાં આવે છે કે: [જેમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલા ૧૦મી માર્ચ ૨૦૧૭ના દિવસે સર્ક્યુલર નંબર CFD / DIL3 / CIR / ૨૦૧૭/૨૧ માં ઉલ્લેખિત અરજદાર કંપનીના જાહેર શેરધારકોનો સમાવેશ થાય છે (સેબી સર્ક્યુલર)]

૧. અરજદાર કંપનીએ ઈક્વિટી શેરહોલ્ડર્સ સ્કીમ વિષે વિચારણા કરી શકે તેમજ તેને માન્યતા આપી શકે તે માટે પોસ્ટલ બેલેટ તથા ઈ-વોટીંગની સુવિધા પણ આપી છે. મીટિંગના સ્થળે બેલેટ પેપર / પોલિંગ પેપર દ્વારા વોટીંગ કરવાની પણ અરજદાર કંપનીએ સુવિધા આપી છે. ઈ-વોટીંગ સર્વિસીઝની સુવિધા માટે કંપનીએ સેન્ટ્રલ ડીપોઝિટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ)ની સેવાઓ પ્રાપ્ત કરી છે.

૨. ઈક્વિટી શેરહોલ્ડર્સની પોસ્ટલ બેલેટ અથવા તો ઈ-વોટીંગ કે પછી મીટિંગના સ્થળે વોટીંગ માટેની પાત્રતા નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭ નક્કી કરવામાં આવી છે. અરજદાર કંપનીના બેનિફિશિયલ ઓનર્સનું નેશનલ સીક્યુરીટીઝ ડીપોઝિટરી લિમિટેડ / સીડીએસએલ દ્વારા જાળવવામાં આવતા રજીસ્ટરમાં કટ-ઓફ તારીખના રોજ જેમના નામ નોંધાયેલા હશે તેઓ જ વોટીંગ કરવા માટે પાત્ર ગણાશે. કટ-ઓફ તારીખના રોજ જે લોકો અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સના હોય, તેમણે આ નોટીસને ફક્ત માહિતી માટેની છે એમ ગણી લેવી.

૩. ઈક્વિટી શેરહોલ્ડર્સ દ્વારા પોસ્ટલ બેલેટ તથા ઈ-વોટીંગ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પુરૂ થશે.

૪. યોગ્ય રીતે ભરાયેલા અને સહી કરેલા પોસ્ટલ બેલેટ સ્ક્રુટીનાઈઝરને ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં પહોંચી જવા જોઈએ. ઈક્વિટી શેરહોલ્ડર્સ દ્વારા ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાક પછી મળ્યા હોય તેવા પોસ્ટલ બેલેટ ધ્યાનમાં લેવાશે નહીં અને તેને ઈક્વિટી શેરહોલ્ડર્સ દ્વારા પ્રતિભાવ મળ્યો નથી તે રીતે ગણાશે. સીડીએસએલ દ્વારા ઈ-વોટીંગ મોડ્યુલ પણ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ડિસેબલ કરી દેવાશે.

૫. કંપનીએ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ઈક્વિટી શેરહોલ્ડર્સને નોટીસ, પોસ્ટલ બેલેટ ફોર્મ અને સૂચનાઓ તેમજ સેલ્ફ એડ્રેસ્ડ પોસ્ટેજ પ્રી-પેઈડ બિઝનેસ રીપ્લાય કવર સહિતની સામગ્રી ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજની કટ-ઓફ તારીખે અરજદાર કંપનીના ફિઝિકલ સ્વરૂપે અથવા તો ડીમટીરિયલાઈઝડ સ્વરૂપે શેર્સ ધરાવતા ઈક્વિટી શેરહોલ્ડર્સને રવાના કરવાની કામગીરી પુરી કરી દીધી છે. ઈક્વીટી શેર હોલ્ડરોને મોકલેલી નોટીસ પણ અરજદાર કંપનીના જાહેર શેરહોલ્ડરોને મોકલેલ નોટીસ ગણવામાં આવશે.

૬. પોસ્ટલ બેલેટ ફોર્મ જેમને મળ્યા ના હોય તેવા ઈક્વિટી શેરહોલ્ડર્સ અરજદાર કંપનીની વેબસાઈટ www.adanipower.com ઉપરથી એ ડાઉનલોડ કરી શકે છે અથવા તો અરજદાર કંપનીની રજીસ્ટર્ડ ઓફિસથી ડુપ્લિકેટ પોસ્ટલ બેલેટ પ્રાપ્ત કરી શકે છે.

૭. વોટીંગના સમયગાળા દરમિયાન, ઈક્વિટી શેરહોલ્ડર્સ વોટીંગ માટે ફક્ત કોઈપણ એક વોટીંગ પદ્ધતિનો વિકલ્પ અપનાવી શકે છે, એટલે કે તેઓ પોસ્ટલ બેલેટથી વોટ કરી શકે છે અથવા તો ઈ-વોટીંગ કરી શકે છે. કોઈ સંજોગોમાં કોઈ ઈક્વિટી શેરહોલ્ડર બન્ને રીતે – પોસ્ટલ બેલેટથી અને ઈ-વોટીંગથી વોટ કરશે તો તેવા કિસ્સામાં ઈ-વોટીંગથી કરાયેલું વોટીંગ માન્ય ગણાશે અને પોસ્ટલ બેલેટથી કરાયેલું વોટીંગ અમાન્ય ઠરશે. પોસ્ટલ બેલેટથી કે ઈ-વોટીંગથી વોટ કર્યો હોય તેવા ઈક્વિટી શેરહોલ્ડર્સ મીટિંગમાં તો હાજરી આપી શકે છે પણ, તેઓ ફરીથી પોતાનો વોટ આપી શકશે નહીં.

૮. પોસ્ટલ બેલેટ અને ઈ-વોટીંગ માટેની સૂચનાઓ સહિતની નોટીસ અરજદાર કંપનીની વેબસાઈટ www.adanipower.com તથા સીડીએસએલની વેબસાઈટ www.cdslindia.com ઉપર ઉપલબ્ધ છે.

૯. શ્રી રવિ કપૂરની, પ્રેકટિસિંગ કંપની સેક્રેટરી (સભ્યપદ નં. એફસીએસ ૨૫૮૭/સીઓપી ૨૪૦૭)ની નિમણુંક પોસ્ટલ બેલેટના તેમજ ઈ-વોટીંગની પ્રક્રિયાના તથા મીટિંગના સ્થળે વોટીંગની પ્રક્રિયાના ન્યાયી અને પારદર્શક રીતે સંચાલન માટે ચકાસણી કરનાર તરીકે કરવામાં આવી છે.

૧૦. પોસ્ટલ બેલેટ અથવા તો ઈ-વોટીંગ વિષેની કોઈ પૂછપરછ ફરિયાદો હોય તો એ વિષે અરજદાર કંપનીના કંપની સેક્રેટરી, શ્રી દિપક પંડ્યા, અચલરાજ, મેયર બંગલોની સામે, લો ગાર્ડન, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત સમક્ષ રજૂઆત કરી શકાશે અથવા તો તેમને ઈમેઈલથી deepak.pandya@adani.com ઉપર તે મોકલી શકાશે. અરજદાર કંપનીના કંપની સેક્રેટરીનો સંપર્ક ફોન નંબર +૯૧ ૭૯ ૨૫૫૫ ૫૬૯૬ ઉપર કોલ કરવાથી થઈ શકશે.

કંપનીના સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત)ના કિસ્સામાં, વોટીંગ બેલેટ પેપર / પોલીંગ પેપરથી મીટિંગ્સના સ્થળે જ વોટીંગ કરાશે. શ્રી રવિ કપૂરની આ મીટિંગ્સ માટે પણ સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણુંક કરવામાં આવી છે, અને સીક્યોર્ડ લેણદારો તથા અનસીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચરધારકો સહિત) માટે પાત્રતાની કટ-ઓફ તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૭ નિયત કરવામાં આવી છે, આ તારીખે નામ નોંધાયેલું હોય તેઓ જ ઉપરોક્ત મીટિંગ્સમાં વોટીંગ કરી શકશે.

સ્થળ: અમદાવાદ
તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૭

શ્રીમાન જસ્ટીસ કે. એ. પુજ
(ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધિશ)
મીટિંગ માટે નિયુક્ત કરાયેલા ચેરમેન

રજીસ્ટર્ડ ઓફિસનું સરનામુ: "શીખર", અદાણી હાઉસ પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૬, ગુજરાત, ભારત | **ફોન નં.:** ૯૧ ૭૯ ૨૫૫૫ ૫૬૯૬ | **ઈમેઈલ:** deepak.pandya@adani.com. **વેબસાઈટ:** www.adanipower.com | **CIN:** L40100GJ1996PLC030533